# ગ્રાહકફરિયાદનિવારણફોરમ, જુનાગઢ

પશ્ચિમગુજરાતવીજકંપનીલીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોનનં. : ૦૨૮૫ –૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : www.pgvcl.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૦૨૮/ક્વા-૦૩/૨૦૨૧-૨૨ (રિવ્યુ કેસ) / 397 તા. 7 MAY 2022

રજી.એડી./સ્પીડ પોસ્ટ/કુરિયર મારફત

પ્રતિ,
ખટારિયા જેઠસુરભાઈ એલ.
મું. સેંદરડા
તા, વંથલી (સોરઠ)
જી. :જુનાગઢ, પીનકોડ. : ૩૬૨૨૨૨ મોબાઈલ : ૯૧૭૩૫૧૧૩૦૦

**વિષય :** ડાર્કઝોન સમયે સોલાર કનેક્શન મેળવેલ હોય, ગેરેંટી પીરીયડ પુરો થતાં રેગ્યુલર પીજીવીસીએલના કનેક્શન બાબત.

**સંદર્ભ :** **ખટારિયા જેઠસુરભાઈ એલ. ની રજુઆત તારીખ: ૦૧.૧૧.૨૦૨૧**

( અત્રેનાફોરમનીનોંધણીનંબર : ૦૨૮/ક્વા-૦૩/૨૦૨૧-૨૨ (રિવ્યુ કેસ))

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

(ડી.એસ.રાજપાલ)
કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., જુનાગઢ

બિડાણ : ઉપર મુજબ.
નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, જુનાગઢ

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, જુનાગઢ શહેર-૨

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો-૨૦૧૧, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વંથલી

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com 7 MAY 2022

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૮(રીવ્યુ કેસ)/ક્વા-03/૨૦૨૧-૨૨/ 397 તા.

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૮/ક્વા-3/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી ખટારિયા જેઠસુરભાઈ એલ ગામ – સેંદરડા

સબડીવીઝન: વંથલી

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જુનાગઢ ગ્રામ્ય-૨

**:: ફોરમ ::**

૧) ચેરપર્સન : શ્રી એન.સી.મકવાણા

૨) મેમ્બર સ્વતંત્ર : શ્રી એન.એસ.પંડયા

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જુનાગઢ

તારીખ: સોમવાર (૧૮-૦૪-૨૦૨૨) **( રિવ્યુ કેસ )**

૧.૦ સદર કેસની સુનાવણી તા. ૧૮-૦૪-૨૦૨૨ (સોમવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

**:: અરજદારની રજૂઆત ::**

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, જત લખવાનું કે હું નીચે સહી કરનાર શ્રી જેઠસુરભાઈ લખમણભાઈ ખટારીયા લખી જણાવું છું કે ૨૦૧૪-૨૦૧૫ માં અમારો તાલુકો ડાર્કઝોનમાં આવતો હોય તેથી કનેક્શન આપવામાં આવતાં ન હતા તેથી ૨૦૧૫ માં મે સોલાર થ્રી ફેઈઝ કનેક્શન લીધેલ હોય મારા કુવા ઉપર રોટોમેક સોલાર કંપનીનો પમ્પ સેટ છે જ્યારે એમોએ સોલાર કનેક્શન લીધેલ હતું ત્યારે જીઇબી ઓફિસ વંથલી માંથી એવું કહેવામાં આવેલ કે જે અમોને સોલાર પમ્પ આપવામાં આવેલ છે તેની પાંચ વર્ષની ગેરંટી આપવામાં આવે છે અને ગેરંટી ટાઈમ (પાંચ વર્ષ) પુરો થયા

પછી તમોને રેગ્યુલર જીઇબીનું કનેક્શન મળવાપાત્ર છે આગેરંટી પિરીયડ પુરો થતાં મે મે૨૦૨૦ માં કનેક્શન માટે અરજી કરેલ હતી જે અરજી જીઈબી દ્વારા પાસ કરેલ હોય જે તે ટાઈમ મે ફુવારા સેટ લીધેલ છે તેના એગ્રીમેન્ટ તથા બિલ સાથે જોડેલાં છે.મારી અરજી પાસ થયા પછી વંથલીની જીઈબી ઓફીસમાંથી સર્વે કરી મને ક્વોટેશન મોકલાવેલ હોય જે મળતાં તારીખ ૦૫/૦૩/૨૦૨૧ ના રોજ મે ક્વોટેશન ના પૈસા જીઈબી વંથલી ઓફિસમાં ભરેલા છે તેની રસીદ નં. આR E 72845 R E 672844 R E 672845 R E 672972 ઉપર દર્શાવેલ ચાર રસીદથી મે ક્વોટેશન તથા ટેસ્ટરિપોર્ટના પૈસા ભરેલ છે.ઉપર દર્શાવેલ પૈસા ભરેલા હોય અને હવે જીઈબી ઓફીસમાંથી એવું કહેવામાં આવેલ છે કે અમોને કનેક્શન મળવાપાત્ર નથી અને પૈસા પાછા લઈ જાવ.આપ સાહેબને નમ્ર અરજ છે કે આ બાબતે તમોને યોગ્ય કરવા મારી નમ્ર વિનંતી છે. આભાર સહ..આમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારશ્રી : ખટારીયા જેઠસૂરભાઇ લખમણભાઈ ની જે કેસ નંબર૦૨૮/કવા-૦૩/૨૦૨૧-૨૨ થી રજૂઆત નોંધાયેલ હતી. જે સંદર્ભે આપના દ્વારા ઉપરોક્ત સંદર્ભ ન.૨ થી હુકમ કરેલ છે. જેમાં નીચે મુજબ નો હુકમ કરવા માં આવેલ હકેપીજીવીસીએલ કંપની દ્વારા અરજદારશ્રી ને જે પરંપરાગત કૃષિ વિજજોડાણ આપવાનું છે તે સોલાર પંપ સેટ યોજનાના પાંચ વર્ષ પૂર્ણ થઈ ગયેલ હોય તો કંપનીના નિયમ મુજબ જરૂરી દસ્તાવેજી પુરાવા લઈ તથા ભરવાપાત્ર રકમ ભરાવી નવું વીજ જોડાણ આપવું. ઉપરોક્ત બાબતે આપ સાહેબશ્રી ને નીચેની બાબતો ધ્યાન માં રાખીને આપના દ્વારા કરવામાં આવેલ હુકમ સામે અમારી રિવ્યુ અરજી નોંધવા વિનંતી.

3.૧ સદર કેશમાં થયેલ હુકમ સામે રિવ્યુ અપીલ કરવા માટેની અધિક્ષક ઇજનેર શ્રી જુનાગઢ દ્વારા મંજુરી આપેલ છે તેની નકલ આ સાથે સામેલ કરેલ છે. સોલાર પંપથી વીજળીકરણ થયેલ હોય તે એક જ સર્વે નંબરમાં બીજું ખેતીવાડી વિજજોડાણ અનેસોલાર પંપ ગ્રાહક નંબર રદ કરી પંપરાગત વીજ જોડાણ મેળવવા ની બાબત નીતિ વિષયક છે. ઉપરોક્ત મુદ્દા નંબર ૨ બાબતની દરખાસ્ત જીયુવીએનએલ કચેરી દ્વારા તારીખ ૨૦/૧૦/૨૦૨૧ થી ઇ.પી.ડી. ગાંધીનગર માં મંજૂરી અર્થે મોકલેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે અરજદાર શ્રી ની તથા પીજીવીસીએલ પક્ષકાર ની રજુઆત મુદ્દા નં.૩.૧ મુજબ તથા પત્ર નં. એસ.ઈ.જે.એન.ડી./ટેક-૧/સોલારપંપ/૨૫/૧૬૦૨ તા. ૦૨.૦૩.૨૦૨૨ ના વર્તુળ કચેરી દ્વારા ગાઈડ લાઈન માંગવામાં આવેલ છે.

૪.૨ સદર કેશ નીતિ વિષયક હોય જેથી ગાઈડલાઈન આવેથી તે મુજબ આગળ ની કાર્યવાહી કરવા હુકમ કરવામાં આવે છે.અરજદારની સદર રજૂઆત ગ્રાહ્ય રાખવામાં આવતી નથી

૪.૩ તે મુજબ અત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાંઆવે છે.

૪.૪ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

શ્રી એન.એસ.પંડયા
સ્વતંત્ર સભ્ય

શ્રી એન.સી.મકવાણા
ચેરપર્સન

નોંધઃ-

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-૩૦ માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસેએક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯